

# માઇક્રોફાઇનાન્સ પલ્સ

વોલ્યૂમ XII – મે 2022

# Analytical Contacts


**વિશ્લેષણાત્મક સંપર્ક**

કિરણ સમુદ્રલા
વીપી -વિશ્લેષક
kiran.samudrala@equifax.com

શ્રુતિ જોષી
વીપી - વિશ્લેષક
shruti.joshi@equifax.com

વંદના પંચાલ
એસોસિયેટ મેનેજર
vandana.panchal@equifax.com

**સીડબી**

સંજય જેન
જીએમ - ઇરડા
erdav@sidbi.in

રમેશ કુમાર
પ્રબંધક, એમપીઆઈવી - ઇરડા
rameshk@sidbi.in

## અનુક્રમણિ


| | |
|---|---|
| કાર્યકારી સારાંશ | 04 |
| સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી | 05 |
| માઇક્રોફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી | 06 |
| વિતરણ ના વલણો | 09 |
| ઇન્ડસ્ટ્રીના જોખમની રૂપરેખા | 12 |
| ભૌગોલિક સંપર્ક સૂત્ર | 14 |
| રાજ્યનો વ્યાપક પ્રોફાઈલ : રાજસ્થાન | 17 |
| મહત્વાકાંક્ષી જિલ્લાઓ | 22 |
| ગ્રાહકના સ્તરે વિશ્લેષણ | 24 |

માઇક્રોફાઇનાન્સ ઈન્ડસ્ટ્રીના પલ્સની ૧૨મી આવૃત્તિના રિપોર્ટમાં ડિસેમ્બર ૨૦૨૧ સુધીના સમયગાળામાં પુરી પાડવામાં આવેલી માહિતીના આધારે માઇક્રોફાઇનાન્સ ઈન્ડસ્ટ્રીના વિકાસનો આ સમયગાળાનો વિસ્તાર રજુ કરવામાં આવ્યો છે.

૩૧મી ડિસેમ્બર ના રોજે બાકી લેણાં ' ૨,૩૬,૧૭૮ કરોડ હતા જેની સામે ૯.૬ કરોડની એક્ટિવ લોન્સ હતી. ઓએન ડી'૨૧ માં ' ૬૬,૮૪૯ કરોડની લોનોનું વિતરણ કરવામાં આવ્યા હતું. એનબીએફસીઝની એવરેજ ટિકટ સાઇઝ શીર્ષ સ્તરે હતી જે ઇન્ડસ્ટ્રીની ટિકટ સાઇઝ કરતા વધારે હતી. ડિસેમ્બર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન ઇન્ડસ્ટ્રીના પીઓએસ માં ૩% નો વધારો જોવા મળ્યો હતો અને સેપ્ટેમ્બર ૨૦૨૧ થી ડિસેમ્બર ૨૦૨૧ ત્રિમાસિક ના સમયગાળામાં આ વિકાસ ૪% નોંધવામાં આવ્યો હતો. પોર્ટફોલિયોના બાકી લેણાંમાં બેન્કોનો ફાળો સૌથી વધારે હતો તે પછીના ક્રમે એનબીએફસીઝ-એમએફઆઇઝ હતી.

ઓએનડી' ૨૦ થી ઓએનડી' ૨૧ ના સમય ગાળામાં વિતરણ કરેલી રકમમાં ૭% વૃદ્ધિ જોવા મળી હતી . બેન્કોએ સૌથી વધારે લોન વિતરણ કરેલ હતી તે પછીના ક્રમે દરેક ત્રિમાસિકમાં એનબીએફસીઝ-એમએફઆઇઝ હતી. વાર્ષિક આધારે ૩૦કે અને તેથી વધુની ટિકટ સાઇઝમાં વૃદ્ધિ જોવા મળી હતી . ૨૦કે થી ૫૦ કે ની ટિકટ સાઈઝમાં ૫૫% લોનો વિતરિત કરવામાં આવી હતી. ઓએનડી' ૨૦ થી ઓએનડી' ૨૧ ના સમય ગાળામાં એવરેજ ટિકટ સાઇઝમાં 23% વૃદ્ધિ જોવા મળી હતી.

૧-૧૭૯ દિવસના બાકી લેણાંની અશિષ્ટતા જે સેપ્ટેમ્બર ૨૦૨૧ માં ૧૮.૭૭% હતી તે ડિસેમ્બરમાં ઘટીને ૧૩.૮૦% નોંધવામાં આવી હતી. ૬૦-૧૭૯ દિવસના બાકી લેણાંની અશિષ્ટતામાં સેપ્ટેમ્બર ૨૦૨૧ ની સરખામણીમાં ડિસેમ્બર ૨૦૨૧ માં વધારો નોંધવામાં આવ્યો હતો.

૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે ટોચના ૧૦ રાજ્યોનો બાકી લેણાંમાં ફાળો ૮૨% હતો. '૩૦,૫૬૨ કરોડના બાકી દેવા સાથે તામિલનાડુ એમએફઆઇ ઇન્ડસ્ટ્રીમાં ટોચના સ્થાને હતો. ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ પોર્ટફોલિયોના બાકી લેણાના ૫ રાજ્યો તામિલનાડુ, બિહાર , પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ હતા ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા પશ્ચિમ બંગાળની ૯૦+ ની અશિષ્ટતા વધારે હતી.

આ આવૃત્તિમાં રાજસ્થાન રાજ્યનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો છે. ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે રાજસ્થાનના પોર્ટફોલિયોના બાકી લેણાં '૧૦,૮૧૨ કરોડ હતા ઓએનડી '૨૧ માં રાજસ્થાનમાં '૨,૯૦૩ કરોડની લોનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. એવરેજ ટિકટ સાઈઝની વાત કરીએ તો દરેક ધિરાણકર્તામાં એનબીએફ સીઝ સૌથી મોખરે હતી . રાજસ્થાનમાં દરેક ધિરાણકર્તામાં ૯૦+ ની અશિષ્ટતામાં નફો ન કરતી સંસ્થા સૌથી ઓછી હતી. એએમજે '૨૧ સિવાય ૨૦કે થી ૫૦કે ની ટિકટ સાઈઝમાં ૬૦% લોનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડિસેમ્બર '૨૦ થી લઈને ડિસેમ્બર ૨૦૨૧ ની વાત કરીએ તો વાર્ષિક આધારે પોર્ટફોલિયોના બાકી લેણાંમાં ૧૫% ની વૃદ્ધિ નોંધવામાં આવેલ છે. સેપ્ટેમ્બર ' ૨૧ ની સામે ડિસેમ્બર ૨૦૨૧ માં રાજસ્થાનમાં ૯૦+ ની અશિષ્ટતામાં વધારો નોંધવામાં આવ્યો છે.

એમએફઆઈ પલ્સની ૧૨મી આવૃત્તિમાં અમે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે ગ્રાહકલક્ષી વિશ્લેષણ કર્યું છે. ૭૦% કરતા વધારે ગ્રાહકો પાસે ફક્ત ૧ લોનનું બાકી દેવું છે. નફો ન કરતી એમએફ આઈઝ પાસે સૌથી વધારે ૨ લોનો બાકી હતી.

# સંક્ષેપાક્ષરો અને શબ્દાવલી


- એ.ટી.એસ (એવરેજ ટિકટ સાઇઝ) = વિતરણ કરેલી લોન / લોન ના આંકડા
- ડીપીડી = બાકી લેણાના દિવસો
- ચાલુ દેવાદારો અથવા દેવાદારો અથવા એક્ટિવ લોન્સ = ૦ થી ૧૭૯ ડીપીડી + નવા ખાતા + ચાલુ ખાતા
- એમ એફ આઇ = માઈક્રો ફાઇનાન્સ સંસ્થા
- પીઓએસ = બાકી પોર્ટફોલિયો
- યુટી = યુનિયન ટેરિટરી
- મહત્વાકાંક્ષી જિલ્લાઓ (એડી) - જિલ્લાઓની (હાલની સંખ્યા ૧૧૭ છે) નીતિ આયોગ / ભારત સરકાર દ્વારા સુધારા અને માનવ વિકાસ ઇન્ડેક્સ ને ઊંચું લાવવા માટે જાન્યુઆરી ૨૦૧૮ માં ઓળખવામાં આવ્યા છે કે જે માનવ સ્વાસ્થ્ય, પોષણ, ભણતર, કૃષિ અને જળ સંસાધનો, વિત્તીય સમાવેશન, કામગાર કુશળતા અને મૂળભૂત માળખું (ઇન્ફ્રાસ્ટ્રકટચર) ના સંયુક્ત સુચનનાંકોને આવરી લેવામાં આવ્યા છે.
- ૧ - ૧૭૯ = ૧ થી ૧૭૯ ડીપીડી / ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૧ - ૨૯ = ૧ થી ૨૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦-૫૯ = ૩૦ થી ૫૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૬૦- ૮૯ = ૬૦ થી ૮૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦- ૧૭૯ = ૯૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૩૦+ અશિષ્ટતા = ૩૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ૯૦+ અશિષ્ટતા = ૯૦ થી ૧૭૯ ડીપીડી /ચાલુ બાકી પોર્ટફોલિયો
- ઓએનડી'૨૦ = ઓક્ટોબર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦
- જેએફએમ '૨૧ = જાન્યુઆરી ૨૦૨૧ થી માર્ચ ૨૦૨૧
- એએમ જે '૨૧ = એપ્રિલ ૨૦૨૧ થી જૂન ૨૦૨૧
- જેએએસ '૨૧ = જુલાઈ ૨૦૨૧ થી સેપ્ટમ્બર ૨૦૨૧
- ઓએનડી' ૨૧ = ઓક્ટોબર ૨૦ ૨૧ થી ડિસેમ્બર ૨૦ ૨૧



# માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી

# ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજનો માઈક્રો ફાયનાન્સ ઇન્ડસ્ટ્રીનો સ્નેપ શોટ

| ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજનો સ્નેપશોટ | બેંક્સ | એસએફબીઝ | એનબીએફસીઝ-એમએફઆઈઝ | એનબીએફસીઝ | નફો ન કરતી એમએફઆઈઝ | ઇન્ડસ્ટ્રી નો સરવાળો |
|---|---|---|---|---|---|---|
| વિશિષ્ટએક્ટિવ દેવાદારો ('000) | 25,532 | 12,677 | 26,892 | 5,997 | 834 | 71,932 |
| એક્ટિવ લોન્સ ('000) | 36,177 | 15,591 | 36,395 | 6,505 | 1,102 | 95,770 |
| પોર્ટફોલિયો (રૂકરોડમાં) | 93,841 | 39,675 | 84,065 | 16,337 | 2,260 | 236,178 |
| વિતરણ કરેલી રકમ ('કરોડ) ઓએનડી' ૨૧ | 26,487 | 11,957 | 23,105 | 4,407 | 893 | 66,849 |
| એવરેજ ટિકટ સાઈઝ ઓએનડી' ૨૧ | 41,760 | 41,177 | 36,095 | 44,284 | 31,268 | 39,489 |
| ૩૦+ અશિષ્ટતા બાકી લેણું | 12.00% | 8.45% | 6.23% | 5.21% | 1.30% | 8.78% |
| ૯૦+ અશિષ્ટતા બાકી લેણું | 5.19% | 2.91% | 2.14% | 1.78% | 0.65% | 3.44% |




બેંક્સ　સ્ટેટ ફાયનાન્સ બોડીઝ　નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની - માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓ　નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીઝ　નફો ન કરતી માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓ


- ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે પોર્ટફોલિયોના બાકી લેણાં '૨,૩૬,૧૭૮ કરોડ હતા જેની સામે એક્ટિવ લોન્સ ૯.૬ કરોડ હતી.
- ઓએનડી;૨૧ માં '૬૬,૮૪૯ કરોડની લોનો વિતરિત કરવામાં આવી હતી.
- એનબીએફસીઝની એવરેજ ટિકટ સાઈઝ સૌથી વધારે હતી, તે ઇન્ડસ્ટ્રીની એવરેજ ટિકટ સાઈઝ કરતા પણ ઓએનડી;૨૧ માં વધારે હતી.
- ૩૦+ અને ૯૦+ ની અશિષ્ટતા માં બેંકો મોખરે હતી, જે ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા પણ વધારે હતી.

# માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીની ઝાંખી

Portfolio Outstanding (₹ crore)

| વિગત | ડિસે'૨૦ | માર્ચ'૨૧ | જૂન '૨૧ | સેપ્ટે'૨૧ | ડિસે'૨૧ |
|---|---|---|---|---|---|
| બૅંક્સ | 96,683 | 109,867 | 95,674 | 92,725 | 93,841 |
| એસએફબીઝ | 38,109 | 38,903 | 35,345 | 36,863 | 39,675 |
| એનબીએફસી-એમ એફ આઇઝ | 73,166 | 79,420 | 72,856 | 79,932 | 84,065 |
| એનબીએફસીઝ | 18,988 | 18,992 | 16,140 | 14,621 | 16,337 |
| નફોન રળતી એમએફઆઇઝ | 1,872 | 2,095 | 2,045 | 1,982 | 2,260 |
| ઇન્ડસ્ટ્રીનો સરવાળો | 228,818 | 249,277 | 222,060 | 226,123 | 236,178 |
| ત્રિમાસિક વૃદ્ધિ દર % | 0% | 9% | -11% | 2% | 4% |

## ધિરાણ કરનારાઓ પ્રમાણે બજારમાં હિસ્સો




- માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીએ સેપટમ્બર ૨૦૨૧ થી ડિસેમ્બર ૨૦૨૧ દરમ્યાન ત્રિમાસિક ધોરણે ૪% વૃદ્ધિ દર નોંધાવ્યો છે.
- વાર્ષિક ધોરણે ડિસેમ્બર ૨૦૨૦ ની સામે ડિસેમ્બર ૨૦૨૧ માં 3% વૃદ્ધિ દર નોંધાવ્યો છે.
- પોર્ટફોલિયોના બાકી લેણાંમાં બૅંકો સૌથી આગળ છે, તે પછીના ક્રમે એનબીએફસી-એમએફઆઈઝ છે.




# વિતરણના વલણો

# સંસ્થાઓ પ્રમાણે વિતરણના વલણો

લોનના આંકડા (લાખમાં )

| ધીરનારનો પ્રકાર | ઓએનડી'૨૦ | જેએફએમ '૨૧ | એએમ જે '૨૧ | જેએએસ '૨૧ | ઓએનડી'૨૧ |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 100 | 111 | 41 | 77 | 63 |
| એસએફબીઝ | 21 | 32 | 9 | 36 | 29 |
| એનબીએફસી- એમ એફ આઇઝ | 65 | 77 | 19 | 69 | 64 |
| એનબીએફસીઝ | 7 | 11 | 3 | 8 | 10 |
| નફોન રળતી એમએફઆઇઝ | 2 | 3 | 1 | 2 | 3 |
| ઇન્ડસ્ટ્રીનો સરવાળો | **195** | **234** | **73** | **192** | **169** |

### ધિરાણ કરનારાઓ પ્રમાણે બજારનો હિસ્સો





- ઓએનડી'૨૦ ની સરખામણીમાં ઓએનડી '૨૧ માં લોન વિતરણમાં ૧૩% નો ઘટાડો નોંધવામાં આવ્યો હતો, જો કે તે જ સમયગાળામાં વિતરણમાં ૭% વૃદ્ધિ નોંધવામાં આવી હતી.
- દરેક ત્રિમાસિકમાં બેંકોનું લોન વિતરણ સૌથી વધારે જોવા મળ્યું હતું, તે પછીના ક્રમે એનબીએફસી- એમ એફ આઇઝ આવેલ છે.
- જેએએસ'૨૧ થી ઓએનડી' ૨૧ ના સમયગાળામાં એનબીએફસીઝ અને નફો ન કરતી એમએફઆઇઝે હકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે.

## ઇન્ડસ્ટ્રીમાં ટિકટ સાઇઝના વલણો

No. of Loans Disbursed (in lakh)

| ટિકટ સાઇઝ | ઓએનડી'૨૦ | જેએફએમ '૨૧ | એએમ જે '૨૧ | જેએએસ '૨૧ | ઓએનડી'૨૧ | વાર્ષિક ધોરણે કુલ વૃદ્ધિ દર |
|---|---|---|---|---|---|---|
| ૦કે -૧૦ કે | 35 | 19 | 8 | 18 | 10 | -71% |
| ૧૦કે-૨૦કે | 20 | 18 | 7 | 20 | 12 | -40% |
| ૨૦કે - ૩૦ કે | 32 | 40 | 12 | 34 | 24 | -25% |
| ૩૦કે- ૪૦કે | 43 | 58 | 16 | 47 | 46 | 7% |
| ૪૦કે- ૫૦કે | 29 | 38 | 11 | 29 | 29 | 0% |
| ૫૦કે-૬૦કે | 18 | 28 | 9 | 25 | 23 | 28% |
| ૬૦કે+ | 18 | 33 | 9 | 19 | 25 | 39% |
| સરવાળો | 195 | 234 | 73 | 192 | 169 | -13% |
| વિતરણમાં ત્રિમાસિક વૃદ્ધિ | - | 20% | -69% | 163% | -12% | - |
| ઓલ ઇન્ડિયા એટીએસ રૂ | 32,109 | 38,789 | 35,793 | 35,110 | 39,489 | - |
| ત્રિમાસિક ધોરણે એટીએસ નો વૃદ્ધિ દર | - | 21% | -8% | -2% | 12% | - |

### લોન વિતરણના આંકડા ( લાખમાં )




- ૫૦કે અને તેનાથી મોટી ટિકટ સાઇઝમાં વાર્ષિક ધોરણે ૨૫% થી વધુ વૃદ્ધિ જોવા મળી હતી
- ૨૦કે થી ૫૦કે ની શ્રેણીમાં ૫૫% લોનો આપવામાં આવી હતી.
- ઓએનડી'૨૦ થી ઓએનડી'૨૧ માં એવરેજ ટિકટ સાઇઝમાં ૨૩% વૃદ્ધિ જોવા મળી હતી.

EQUIFAX

sidbi





# ઇન્ડસ્ટ્રી - જોખમની રૂપરેખા

# બાકી લેણાંની અશિષ્ટતાના  વલણો

બાકી લેણાંની અશિષ્ટતા  બાકી રહેલા દિવસો પ્રમાણે

| રિપોર્ટિંગ ત્રિમાસિક | બાકી લેણાં ૧-૨૯ દિવસ | બાકી લેણાં ૩૦-૫૯ દિવસ | બાકી લેણાં ૬૦-૮૯ દિવસ | બાકી લેણાં ૯૦-૧૭૯ દિવસ | બાકી લેણાં ૧ -૧૭૯ દિવસ |
|---|---|---|---|---|---|
| ડિસે'૨૦ | 7.50% | 4.73% | 3.49% | 4.96% | 20.68% |
| માર્ચ'૨૧ | 4.55% | 2.90% | 2.01% | 4.12% | 13.58% |
| જૂન'૨૧ | 14.90% | 10.14% | 3.38% | 3.01% | 31.43% |
| સેપ્ટ'૨૧ | 8.64% | 5.44% | 1.74% | 2.95% | 18.77% |
| ડિસે'૨૧ | 5.03% | 3.19% | 2.14% | 3.44% | 13.80% |

## બાકી લેણાંની અશિષ્ટતા  બાકી રહેલા દિવસો પ્રમાણે





- ૧ થી ૧૭૯ દિવસના  બાકી લેણાંમાંની અશિષ્ટતામાં, જે સપ્ટેમ્બરમાં ૨૦૨૧માં ૧૮.૭૭ %  હતી તે ડિસેમ્બરમાં ઘટીને ૧૩.૮૦% નોંધવામાં આવેલ છે.
- ૬૦-૧૭૯  દિવસના સમયગાળાની  અશિષ્ટતા માં સપ્ટેમ્બરમાં ૨૦૨૧ ની સામે ડિસેમ્બર ૨૦૨૧ માં વધારો જોવા મળે છે.




# ભૌગોલિક સંપર્ક

## રાજ્યો / સંઘ પ્રદેશો પ્રમાણે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે બાકી લેણાં




- ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે  ટોચના ૧૦ રાજ્યોનો પોર્ટફોલિયોના બાકી લેણાંમાં હિસ્સો ૮૨% હતો.
- '૩૦,૬૫૨ કરોડના પોર્ટફોલિયોના બાકી દેવા સાથે તામિલનાડુ એમ એફ આઇ ઇન્ડસ્ટ્રીમાં સૌથી અગ્રેસર રાજ્ય હતું.
- ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે તામિલનાડુ, બિહાર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ ટોચના ૫ રાજ્યો હતા.

# રાજ્યો / સંઘ પ્રદેશો પ્રમાણે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે બાકી લેણાંની અશિષ્ટતા




- ૯૦+ ની અશિષ્ટતામાં ટોચના ૫ રાજ્યો નીચે પ્રમાણે છે

| તામિલનાડુ | બિહાર | પશ્ચિમ બંગાળ | કર્ણાટક | ઉત્તરપ્રદેશ |
|---|---|---|---|---|
| 2.54% | 2.71% | 7.88% | 2.01% | 2.01% |

- ૯૦+ ની અશિષ્ટતામાં પશ્ચિમ બંગાળ ઇન્ડસ્ટ્રીની ૩.૪૪% કરતા પણ વધારે અશિષ્ટતા સાથે મોખરે છે.

Note: **Delinquencies calculated basis POS.**





# રાજસ્થાન રાજ્યની વ્યાપક રૂપરેખા


# રાજસ્થાન રાજ્યની કામગીરીનું અવલોકન

| ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ ના રોજે રાજસ્થાન રાજ્યની કામગીરીનં અવલોકન | બૅંક્સ | એસએફબીઝ | એનબીએફસી-એમએફઆઇઝ | એનબીએફસીઝ | નફોન રળતી એમએફઆઈઝ | ઇન્ડસ્ટ્રીનો સરવાળો |
|---|---|---|---|---|---|---|
| એક્ટિવ લોન્સ ('૦૦૦) | 2,107 | 556 | 1,738 | 193 | 9 | 4,603 |
| પોર્ટફોલિયો બાકી લેણા (રુ કરોડમાં ) | 4,765 | 1,334 | 4,163 | 534 | 16 | 10,812 |
| બાકી લેણાના પોર્ટફોલિયોમાં માર્કેટ શેર | 44% | 12% | 39% | 5% | 0% | - |
| વિતરણ કરેલી રકમ ('કરોડ) ઓએનડી'૨૧ | 1,192 | 371 | 1,180 | 154 | 6 | 2,903 |
| એવરેજ ટિકટ સાઇઝ ઓએનડી'૨૧ | 36,209 | 37,792 | 36,319 | 42,946 | 31,738 | 36,744 |
| ૩૦+ની અશિષ્ટતા (પીઓએસ) | 9.73% | 6.61% | 6.83% | 7.07% | 3.85% | 8.09% |
| ૯૦+ ની અશિષ્ટતા (પીઓએસ) | 4.03% | 2.75% | 2.25% | 2.21% | 1.34% | 3.09% |


**એક્ટિવ લોન્સ ('૦૦૦)**




પોર્ટફોલિયો (રૂ કરોડમાં)




વિતરણ કરેલી લોન (રૂ કરોડમાં)
ઓએનડી'૨૧




બૅંક્સ એસએફબીઝ નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપની - માઇક્રો ફાઇનાન્સ સંસ્થાઓ નોન બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીઝ નફો ન કરતી એમએફઆઈઝ


- ૩૧મી ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે રાજસ્થાન રાજ્યના પોર્ટફોલિયોના બાકી લેણાં ' ૧૦,૮૧૨ કરોડના સ્તરે હતા.
- પોર્ટફોલિયોના બાકી લેણાંમાં મહત્તમ ફાળો બૅંકોનો હતો તે પછીના ક્રમે એનબીએફસી- એમએફઆઇઝ આવે છે.
- ઓએનડી'૨૧ ના સમય ગાળામાં રાજસ્થાન માં વિતરણ કરેલી લોનની રકમ ૨,૯૦૩ (રૂ. કરોડ) હતી.
- એનબીએફસીઝની એવરેજ ટિકટ સાઇઝ રાજ્યની સરેરાશ ટિકટ સાઇઝ કરતા વધારે હતી.
- રાજસ્થાન રાજ્યમાં ૯૦+ ની અશિષ્ટતા એકંદરે ઇન્ડસ્ટ્રીની અશિષ્ટતા કરતા નિમ્ન સ્તરે હતી

## રાજસ્થાન - ઇન્ડસ્ટ્રી ટિકટ સાઇઝનો વલણ

No. of Loans Disbursed (in lakh)

| Ticket Size | ઓએનડી '૨૦ | જેએફએમ '૨૧ | એએમ જે '૨૧ | જેએએસ '૨૧ | ઓએનડી '૨૧ | વર્ષાન્તરે વૃદ્ધિ દર % |
|---|---|---|---|---|---|---|
| ૦કે -૧૦ કે | 88 | 93 | 37 | 94 | 59 | -33% |
| ૧૦કે-૨૦કે | 40 | 75 | 32 | 70 | 43 | 8% |
| ૨૦કે - ૩૦ કે | 168 | 224 | 59 | 164 | 107 | -36% |
| ૩૦કે- ૪૦કે | 274 | 362 | 73 | 247 | 261 | -5% |
| ૪૦કે- ૫૦કે | 137 | 211 | 49 | 158 | 145 | 6% |
| ૫૦કે-૬૦કે | 74 | 137 | 36 | 108 | 93 | 26% |
| ૬૦કે+ | 80 | 135 | 38 | 79 | 82 | 2% |
| સરવાળો | 861 | 1,237 | 324 | 920 | 790 | -8% |
| ત્રિમાસિક વિતરણ નો વૃદ્ધિ દર | - | 44% | -74% | 184% | -14% | - |
| અખિલ ભારતીય એટીએસ (`) | 35,204 | 37,419 | 35,797 | 34,942 | 36,744 | - |
| ત્રિમાસિક એટીએસ નો વૃદ્ધિ દર | - | 6% | -4% | -2% | 5% | - |

### લોન વિતરણના આંકડા ( લાખમાં )





- ઓએનડી'૨૦ ની સામે ઓએનડી'૨૧ માં રાજસ્થાનમાં લોન વિતરણમાં ૮% નો ઘટાડો નોંધવામાં આવ્યો છે.
- એએમજે'૨૧ સિવાય ૬૦% લોન્સ ૨૦કે થી ૫૦કે ની શ્રેણીમાં વહેંચવામાં આવી હતી.
- રાજસ્થાનમાં એટીએસ માં જેએએસ'૨૧ થી ઓએનડી'૨૧ માં ૫% નો વધારો નોંધાયો છે અને ઓએનડી'૨૦ ની સામે ઓએનડી'૨૧ માં આ વધારો ૪% નોંધવામાં આવ્યો છે.

# રાજસ્થાન : પોર્ટફોલિયોના વલણો

Portfolio Outstanding (in ₹crore)


| વિગત | Dec' 20 | Mar' 21 | Jun' 21 | Sep' 21 | Dec' 21 |
|---|---|---|---|---|---|
| બેંક્સ | 4,222 | 5,346 | 4,768 | 4,844 | 4,765 |
| એસએફબીઝ | 1,173 | 1,300 | 1,177 | 1,280 | 1,334 |
| એનબીએફસી-એમએફ આઇઝ | 3,261 | 3,771 | 3,389 | 3,860 | 4,163 |
| એનબીએફસીઝ | 748 | 665 | 531 | 496 | 534 |
| નફોન રળતી એમએફઆઇઝ | 3 | 3 | 2 | 14 | 16 |
| રાજસ્થાન | 9,407 | 11,085 | 9,867 | 10,494 | 10,812 |
| ત્રિમાસિક વૃદ્ધિ દર | - | 18% | -11% | 6% | 3% |




- ડિસેમ્બર ૨૦ થી ડિસેમ્બર ૨૧ ના વર્ષાન્તરે રાજસ્થાનમાં પોર્ટફોલિયોના બાકી લેણાંમાં ૧૫% વૃદ્ધિ જોવા મળી હતી.
- વર્ષાન્તરે નફો ન રળતી એમએફઆઇઝ ની વૃદ્ધિ ૪૩૩% જોવા મળી હતી, તે પછીના ક્રમે તે જ સમયગાળા માટે એનબીએફસી-એમએફ આઇઝ ના કામ કાજમાં ૨૮% વૃદ્ધિ જોવા મળી હતી.
- પોર્ટફોલિયોના બાકી લેણાંમાં ૮૦% કરતા વધારે હિસ્સો બેંકો અને એનબીએફસીઝ નો હતો.

## રાજસ્થાન ૯૦+ ની અશિષ્ટતાના વલણો

| વિગત ધીરનારનો પ્રકાર | ડિસે'૨૦ | માર્ચ'૨૧ | જૂન '૨૧ | સેપ્ટે'૨૧ | ડિસે '૨૧ |
|---|---|---|---|---|---|
| Banks | 1.78% | 1.67% | 1.52% | 2.29% | 4.03% |
| SFBs | 2.78% | 2.86% | 1.91% | 3.87% | 2.75% |
| NBFC-MFIs | 2.84% | 2.04% | 2.65% | 1.73% | 2.25% |
| NBFCs | 1.63% | 2.28% | 3.63% | 4.10% | 2.21% |
| Not for Profit MFIs | 4.25% | 4.25% | 1.47% | 2.26% | 1.34% |
| Rajasthan | 2.26% | 1.98% | 2.07% | 2.36% | 3.09% |




- સપ્ટેમ્બર ૨૧ ની સામે ડિસેમ્બર ૨૧ માં રાજસ્થાનમાં ૯૦+ ની અશિષ્ટતામાં એકંદરે વધારો જોવા મળેલ છે.
- એસએફબીઝ, એનબીએફસીઝ અને નફો ન કરતી એમએફ આઇઝ ના કામ કાજમાં સપ્ટેમ્બર ૨૧ ની સામે સુધારો જોવા મળેલ છે.
- ડિસેમ્બર ૨૧ ના રોજે રાજસ્થાનમાં બેન્કોની ૯૦+ ની અશિષ્ટતામાં એકંદરે વધારો જોવા મળેલ છે.




# મહત્વાકાંક્ષી જિલ્લાઓ

# મહત્વાકાંક્ષી જિલ્લાઓ - ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે અવલોકન


| મહત્વાકાંક્ષી જિલ્લાઓ ના વિકાસની વિગત | ડિસેમ્બર ૨૦૧૭ | ડિસેમ્બર ૨૦૨૧ | વિકાસનો દર |
|---|---|---|---|
| એક્ટિવ ગ્રાહકોની પહોંચ ('૦૦૦) | 4,155 | 8,618 | 107% |
| વિતરણ કરવામાં આવેલ રકમ ('કરોડ) | 14,374 * | 35,343** | 146% |
| એક્ટિવ લોન્સ ('૦૦૦) | 6,925 | 13,363 | 93% |
| પોર્ટફોલિયોના બાકી લેણાં ('કરોડ) | 11,175 | 31,918 | 186% |
| ૩૦+ ની અશિષ્ટતા | 1.54% | 6.87% | - |
| ૯૦+ ની અશિષ્ટતા | 0.75% | 2.70% | - |

- ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજે મહત્વાકાંક્ષી જિલ્લાઓના પોર્ટફોલિયોના બાકી લેણાં '૩૧,૯૧૮ કરોડ હતા જેમાં ૧.૩૩ કરોડ એક્ટિવ લોન્સ હતી.
- મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં એક્ટિવ ગ્રાહકોની પહોંચ ડિસેમ્બર ૨૦૧૭ ની સરખામણીમાં ડિસેમ્બર ૨૦૨૧ માં ૧૦૭% વધી છે.
- જાન્યુઆરી૨૦૨૧ થી ડિસેમ્બર ૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન '૩૫,૩૪૩ કરોડની લોનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં ૩૦+ અને ૯૦+ ની અશિષ્ટતાનું પ્રમાણ બેંકો અને એસએફબીઝમાં એકંદરે ઇન્ડસ્ટ્રીના ૩૦+ અને ૯૦+ ની અશિષ્ટતા કરતા વધારે જોવા મળે છે.


**પોર્ટફોલિયો ('કરોડ)**




વિતરણ કરેલી લોન (રૂ કરોડમાં) જાન'21 થી ડિસે'૨૧




બેંક્સ | સ્ટેટ ફાઇનાન્સ બોડીઝ | એનબીએફસીઝ -એમએફઆઇઝ | એનબીએફસીઝ | નફો ન રળતી એમએફઆઇઝ




નોંધ : * વિતરણ જાન્યુઆરી ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૭


** વિતરણ જાન્યુઆરી ૨૦૨૧ થી ડિસેમ્બર ૨૦૨૧

અશિષ્ટતાઓ પોર્ટફોલિયોના બાકી લેણાંના આધારે ગણવામાં આવી છે.



# ગ્રાહકના સ્તરે પૃથક્કરણ

# ગ્રાહકના સ્તરે પૃથક્કરણ




- ૭૦% કરતા વધુ ગ્રાહકો પાસે ફક્ત ૧ લોન બાકી છે.
- નફો ન કરતી એમએફઆઈઝ પાસે ૨ લોન બાકી હોય તેવા ગ્રાહકોની સંખ્યા સૌથી વધુ છે.

## સીડબી વિશે

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્કની સ્થાપના પાર્લામેન્ટ માં કાયદો પસાર કરીને ૧૯૯૦ માં કરવામાં આવી હતી. સીડબીને મુખ્ય નાણાકીય સંસ્થા તરીકે સેવા કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે અને ત્રિપાંખિયા કાર્યસૂચિ પ્રમાણે સૂક્ષ્મ, નાના અને મધ્યમ (એમએસએમઈ સેક્ટર) એકમોના પ્રસાર, વિકાસ અને નાણાકીય સવલતો પુરી પાડવાની જવાબદારી સોંપવામાં આવી છે અને આવી જ સમાન કાર્યપ્રણાલી સાથે જોડાયેલી સંસ્થાઓ સાથે સંકલન કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ નાણાકીય અને વિકાસના પગલાં લઈને બેંકે અનેક સ્તરે સમાજના લોકોના જીવનમાં ઉજાસ પાથર્યો છે, આખા એમએસએમઈ સ્પેક્ટ્રમ અને એકમો પર છાપ છોડી છે, એમએસએમઇ ઇકોસિસ્ટમની નામાંકિત સંસ્થાઓ સાથે જોડાયેલી રહી છે.
વિઝન ૨.૦ અંતર્ગત સીડબીએ એમએસએમઈ સેક્ટરના ઉત્થાન અને ચળવળમાં અગ્રણી ભૂમિકા ભજવી છે અને એમએસએમઈ સેક્ટરની અસમપ્રમાણતા માટે એમએસએમઈ પલ્સ, એમએસએમઈના સ્વાસ્થ્યની દેખરેખ માટે એમએસએમઈઝ અને ક્રિસિડેક્સ, એમએસઇના સેન્ટિમેન્ટ્સ અને મહત્વાકાંક્ષાઓની માપણી માટે, ઇન્ડસ્ટ્રી સ્પોટલાઇટ, એક સમાવેશી રિપોર્ટ ઇન્ડસ્ટ્રીના ધિરાણ કરનારાઓ માટે ફિનટેક પલ્સ અને એમએસએમઈ પલ્સ સિવાય જમા રાશિની આંતરિક બાબતો જેવીકે ફિનટેક ધિરાણ પ્રભાગ જેવી પહેલ કરેલ છે.

## માઈક્રો ફાઇનાન્સમાં સીડબીનું મહત્વ

સીડબીએ માઈક્રો ફાઇનાન્સ ચળવળના ઉત્થાન અને સમાવેશી ફાઇનાન્સ ની યોજનાને આગળ ધપાવવાંમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. આશરે ૧૦૦ કરતા વધારે એમએફઆઇઝ દ્વારા સંચિતરીતે માઇક્રોફાઇનાન્સ યોજના હેઠળ માર્ચ ૨૦૨૦ સુધી ' ૧૯૮૭૧ કરોડ ની લોનો મંજુર કરવામાં આવી હતી. એમએફઆઇઝને મૂડી અને દેવાની સહાય આ સંસ્થાઓને આપવામાં આવતા કેપેસીટી બનાવવા અને વધારવા માટેનો મદદ કરવી, કોર્પોરેટ આધારિત સંચાલન અને અનુપાલન જેવી વિચારણાઓને આત્મસાત કરવામાં આવી છે. આના સિવાય માઈક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રીને હાથ પકડીને તેની નાજુક શરૂઆતની અવસ્થામાંથી એક સંપૂર્ણ ઇન્ડસ્ટ્રી તરીકે વિકસાવવા અને પરાકાષ્ઠા સુધી પહોંચાડવામાં અમારા ૮ મહત્વના ભાગીદારો છે જેમાં એમએફઆઇઝ એસએફબીઝ / યુનિવરસલ બેન્કોનો મહત્વનો ફાળો છે. અગત્યની ભૂમિકાની શરૂઆતના ભાગરૂપે નાની નાની લોનો અને સૂક્ષ્મ ધિરાણ સીધે સીધું સીડબી દ્વારા ( ભાગીદારી વ્યવસ્થા થકી ) માર્કર રેટ કરતા ઘણા નીચા વ્યાજ દરે સીડબી દ્વારા પૂરું પાડવામાં આવે છે. આવા પ્રયાસોના ભાગરૂપે પિરામિડના નીચલા સ્તરના એકમોને બેંકો દ્વારા નાની ટિકટ સાઈઝની ૫૦,૦૦૦ થી લઈને ૫,૦૦,૦૦૦ લાખ સુધીની લોન પાર્ટનરશીપ મોડેલના ઓથા હેઠળ બજારના દરો કરતા પ્રમાણમાં નીચા દરે પુરી પાડવામાં આવે છે.

## ઇક્વિફેક્સ વિશે

ઇક્વિફેક્સ એક વૈશ્વિક, માહિતીના ઉકેલ આપતી કંપની છે જે આધારભૂત માહિતી નું આગવીરીતે પ્રથથકરણ કરે છે અને સંસ્થાઓને અને વ્યક્તિગતોને આખી દુનિયામાં તકનીક અને કુશળતા પુરી પાડે છે, તેઓ જાણકારી અને આંતરદ્રષ્ટિ વડે વ્યવસાયના નિર્ણયો લેવામાં વધારે માહિતગાર કરે છે.

ઇક્વિફેક્સનું હેડક્વાટર એટલાન્ટામાં Ga આવેલું છે તેઓ નોર્થ અમેરિકાના, સેન્ટ્રલ અને સાઉથ અમેરિકા, યુરોપ અને એશિયા અને પેસિફિક વિસ્તારના ૨૪ દેશોમાં કામ કરે છે અને નિવેશ કરે છે. તેઓ સ્ટાન્ડર્ડ અને પૂઅર્સ (એસ એન્ડ પી) ૫૦૦ ના સદસ્ય છે અને આના સંયુક્ત શેરનું ઈએફએક્સ ના નામ હેઠળ ન્યુયોર્ક સ્ટોક એક્સચેન્જ પર ખરીદ વેચાણ થાય છે. ઇક્વિફેક્સમાં વૈશ્વિક સ્તરે ૧૧,૦૦૦ કર્મચારીઓ કામ કરે છે, તેમનો ધિરાણમાં ૧૨૦ વર્ષ કરતા વધારે સમયનો વારસો છે, વર્ષ ૨૦૧૦ માં ઇક્વિફેક્સ એ ભારતના બઝારમાં પોતાની નોંધ લેવડાવી હતી અને આરબીઆઇએ તેઓને સીઆઈસી તરીકે કામ કરવાનું લાયસન્સ આપ્યું હતું. છેલલા ૯ વર્ષોમાં ક્રેડિટ બ્યુરોમાં ૪૦૦૦ કરતા વધારે સભ્યો નોંધાયા છે જેમાં બેન્ક, એનબીએફસીઝ એમએફઆઇઝ અને વીમા કરનારાઓનો સમાવેશ થાય છે. આ સભ્યો લાખો ભારતીય ઉપભોક્તાઓની પેસા પરત કરવાની ટેવોની માહિતી પુરી પાડે છે. વર્ષ ૨૦૧૪ માં ઇક્વિફેક્સએ વધારે આગળ વધીને ઇક્વિફેક્સ એનાલિટિક પ્રાઇવેટ લિ નું સંપાદન કરીને પગરણ માંડ્યા છે, ઇક્વિફેક્સ એનાલિટિક તે ઇક્વિફેક્સની સંપૂર્ણ માલીકીનું અને વિશ્લેષણ કરતુ એકમ છે જે અતુલ્ય અને વૈવિધ્યસભર માહિતીનું પ્રથથકરણ આપે છે જેના લીધે વ્યવસાયના પ્રદર્શન અને ઉપભોક્તાની જીવનશેલીમાં સમૃદ્ધિ આવે છે.

## અસ્વીકરણ

માઈક્રો ફાઇનાન્સ પલ્સ નો (રિપોર્ટ) ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફોરમેશન સર્વિસેસ પ્રાઇવેટ લી, (ઇક્વિફેક્સ) દ્વારા ઉપલબ્ધ માહિતીના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જે ઉપભોક્તા આ માહિતીને સ્વીકારે છે અને ઉપયોગમાં લે છે તે આ અસ્વીકરણ થી બંધાયેલા છે. આ રિપોર્ટ માર્ચ ૨૦૨૧ ના દિવસે સભાસદ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતીના આધારે ઇકવીફેક્સ દ્વારા તૈયાર કરવાં આવ્યો છે અત્રે એ ઉમેરવું નિહાયત જરૂરી છે કે રિપોર્ટ બનાવતી વખતે ઇકવીફેક્સ પૂરતી કાળજી લે છે, તે આંકડાની ચોકસાઈ, ભૂલો અને અવગણના માટે અને માઈક્રો ફાઇનાન્સ સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવેલી અધૂરી અને અપૂરતી માહિતી માટે જવાબદાર ન ઠેરવી શકાય. વધુમાં ઇકવીફેક્સ રિપોર્ટમાં વર્ણવેલી માહિતીની પર્યાપ્તતા અને સંપૂર્ણતા માટે અથવા કોઈ વિશિષ્ટ હેતુના ઉપયોગ માટે સ્પષ્ટ રીતે જવાબદાર ના ઠેરવી શકાય. ઇકવીફેક્સના આ રિપોર્ટના આધારે કોઈ પણ રીતે કોઈ પણ પ્રકારની અરજીની અસ્વીકૃતિ માટેની ભલામણ / સ્વીકરણ / અવગણના માટે માહિતીના આધારે, જવાબદાર ગણી શકાશે નહિ. (૧) કોઈ પણ ધિરાણ કરવું કે ન કરવું અને (૨) લાગતાં વળગતા વ્યક્તિ કે સંસ્થા સાથે કોઈ પણ નાણાકીય વ્યવહાર કરવો કે ન કરવો તેની ભલામણ માટે નથી. આ રિપોર્ટમાં આવરી લેવામાં આવેલી માહિતી કોઈ પણ પ્રકારની સલાહ નથી, ઉપયોગકર્તાએ આ માહિતીના આધારે નિર્ણય લેતા પહેલા પોતાની જાતે માહિતીનું પ્રથથકરણ પોતાની સમજદારી પ્રમાણે કરવું આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ (નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઈ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં આ રિપોર્ટનું સંચાલન ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ અધિનિયમ (નિયમન) ૨૦૦૫, ધી ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ અધિનિયમ ૨૦૦૬, ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઝ રૂલ્સ ૨૦૦૬. પૂર્વ પરવાનગી વિના આ રિપોર્ટનો કોઈ પણ અંશ / ભાગ પ્રસારિત કે પ્રકાશિત કરી શકાશે નહીં.

## સમ્પર્કમાટેની માહિતી

**સમ્પર્કમાટેની માહિતી**
ઇકવીફેક્સ ક્રેડિટ ઇન્ફર્મેશન સર્વિસીઝ પ્રાઇવેટ લિ.
યુનિટ નં, ૯૩૧, ત્રીજો માળ, બિલ્ડીંગ નં ૯,
સોલિટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ,
અંધેરી (પૂર્વ) મુંબઇ - ૪૦૦ ૦૯૩
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૦૯૩૨૪૭
ecissupport@equifax.com

ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેન્ક
સ્વાવલંબન ભવન, પ્લોટ નં. સી -૧૧, 'જી ' બ્લોક,
બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ)
મુંબઇ -  ૪૦૦ ૦૫૧ મહારાષ્ટ્ર
ટોલ ફ્રી નં : ૧૮૦૦ ૨૨૬૭૫૩

www.sidbi.in/en

Copyright © 2022, Equifax Inc., Atlanta, Georgia. All rights reserved. Equifax is a registered trademarks of Equifax Inc.